Gujarati

NHS

# પૂછવાના પ્રશ્નો

## તમે તમારી અપોઈન્ટમેન્ટ પૂરી કરીને નીકળો તે પહેલાં તમને નીચેની બાબતોની જાણ હોય તેની ખાતરી કરોઃ

### શું ખોટું હોઈ શકે? તમે નીચેના પ્રશ્નો પૂછી શકોઃ

- તમે જે કહ્યું તેની મને સમજણ પડી છે તે શું હું તપાસી શકું છું? તમે એમ કહી રહ્યાં છો કે...
- તે ફરીથી સમજાવશો? મને હજુ સમજ પડી નથી.
- મારા વિશે લખવામાં આવેલા કોઈ પત્રો હોય તો તેની એક નકલ મને મળી શકશે?

### બીજા કોઈ વધારે ટેસ્ટ કરાવવાના હોય તેનું શું, જેમ કે બ્લડ ટેસ્ટ, સ્કેન અને બીજી તપાસ?

- તે બધા ટેસ્ટ શેના માટે છે?
- મને તેનાં પરિણામો કેવી રીતે અને ક્યારે મળશે?
- મને જો પરિણામો ન મળે તો મારે કોનો સંપર્ક કરવો?



## જો તમારા માટેની કોઈ સારવાર હોય તો કઈ સારવાર સર્વોત્તમ છે?

- મારી બીમારીની સારવાર માટેના બીજા કોઈ ઉપાયો છે?
- તમે શેની ભલામણ કરો છો?
- તેની કોઈ આડઅસરો કે જોખમો છે?
- મારે કેટલા સમય સુધી સારવાર કરાવવી પડશે?
- તે સારવાર કામ કરી રહી છે તેની મને કેવી રીતે ખબર પડશે?
- આ સારવાર કેટલી અસરકારક છે?
- જો હું કોઈ સારવાર ન કરાવું તો શું થશે?
- મારે બંધ કરવું જોઈએ કે ન કરવુ જોઈએ એવું કશું છે?
- મારી જાતની મદદ કરવા માટે હું બીજું કશું કરી શકું તેમ છું?

## હવે પછી શું થશે અને કોનો સંપર્ક કરવો

- હવે પછી શું થશે? શું મારે પાછા આવીને તમને મળવાનું છે?
- જો પરિસ્થિતિ વધારે બગડે તો મારે કોનો સંપર્ક કરવો?
- તમારી પાસે કોઈ લેખિત માહિતી છે?
- વધારે માહિતી મેળવવા માટે હું ક્યાં જઈ શકું છું, કોઈ સહાયક જૂથ અથવા વધારે મદદ માટે?

# સર્વોચ્ચ સૂચનો



## તમારી અપોઈન્ટમેન્ટ પહેલાં



- તમારા બે કે ત્રણ સૌથી વધારે અગત્યના પ્રશ્નો લખી લો.
- તમારી બધી જ દવાઓ અને ગોળીઓની યાદી બનાવો અથવા તે સાથે લેતાં આવો - વિટામિનો અને સપ્લીમેન્ટો સહિત.
- તમારાં ચિહ્નો શું છે તે લખી લો, તે ક્યારથી શરૂ થયાં અને તેમાં શેનાથી સારું થાય છે કે તે શેનાથી વધારે વણસે છે તેની વિગતો સહિત.
- જો જરૂર હોય તો તમારી હોસ્પિટલ કે સર્જરીને કહો કે તમને દુભાષિયા કે વાતચીતમાં સહાયતા પૂરી પાડે.
- તમે ઈચ્છો તો તમારાં કોઈ કુટુંબીજન કે મિત્રને સાથે આવવા માટે કહો.

## તમારી અપોઈન્ટમેન્ટ દરમ્યાન

- તમને કોઈ વાતમાં સમજણ ન પડે તો પૂછતાં ગભરાશો નહિ. દાખલા તરીકે, 'તે ફરીથી કહેશો? મને હજુ સમજણ પડતી નથી.'
- જો તમને કોઈ શબ્દોમાં સમજણ ન પડે, તો તેમને કહો કે તે લખી આપે અને સમજાવે.
- વિગતો લખી લો, અથવા કુટુંબીજન કે મિત્રને કહો કે નોંધ કરી લે.

## તમે અપોઈન્ટમેન્ટ છોડીને નીકળો તે પહેલાં



- **આ તપાસો:**
  - તમારી યાદીમાં લખેલી બધી જ બાબતો તમે પૂછી લીધી છે
  - તમે સમજ્યાં છો, દાખલા તરીકે, 'તમે જે કહ્યું તેની મને સમજણ પડી છે તે શું હું તપાસી શકું છું?
  - હવે પછી શું થવું જોઈએ - અને ક્યારે તેની તમને ખબર હોય. તે લખી લો.
- **પૂછો:**
  - જો તમને વધારે તકલીફ થાય કે પ્રશ્નો પૂછવા હોય તો કોનો સંપર્ક કરવો
  - સહાયક જૂથો વિશે અને ભરોસાપાત્ર માહિતી ક્યાંથી મેળવવી, અને
  - તમારા વિશે લખવામાં આવેલા પત્રોની નકલો માટે - તે જોવા માટે તમે હક્કદાર છો.

## તમારી અપોઈન્ટમેન્ટ પછી નીચેની વસ્તુઓ ભૂલશો નહિ



- તમે શું ચર્ચા કરી હતી અને હવે પછી શું થશે તે લખી લો. તમારી નોંધો સાચવી રાખો.
- તમારાથી થઈ શકે તેમ હોય તેવા કોઈ ટેસ્ટ્સ બુક કરાવી દો અને તેની તારીખો તમારી ડાયરીમાં લખી લો.
- **પૂછો:**
  - 'જો મને મારી અપોઈન્ટમેન્ટની વિગતો મોકલવામાં ન આવે તો શું થશે' અને
  - 'કોઈ ટેસ્ટ કરવામાં આવ્યા હોય તો તેનાં પરિણામો મને મળી શકશે? (તમને જ્યારે પરિણામો મળવાં જોઈએ ત્યારે જો તે ન મળ્યાં હોય તો તે માગો.) તે પરિણામોનો અર્થ શું થાય તે પૂછો.

© Crown copyright 2007 279234 / GUJ 1p Apr 07